IDBI BANK

प्रेस विज्ञप्ति
PRESS RELEASE

તાત્કાલિક પ્રકાશન / પ્રસારણ / ટેલીપ્રસારણ માટે

PR - 1310

આઇડીબીઆઈ બેંકે શાખાની મુલાકાત લીધા વિના ગ્રાહકો માટે અનુકૂળ, સુવિધાજનક બેંકિંગ સેવા મેળવવા 'આઇડીબીઆઈ એક્સપ્રેસ' સોલ્યુશન લોંચ કર્યું

નવી દિલ્હી, 13 જૂન, 2016: આઇડીબીઆઈ બેંકે વિશિષ્ટ બેંકિંગ સોલ્યુશન 'આઇડીબીઆઈ એક્સપ્રેસ' લોંચ કર્યું છે, જે બેંકના ગ્રાહકોને બેંકિંગના કામકાજના કલાકો ઉપરાંત તેમના પસંદગીના સમયે અને સ્થળે બેંકની શાખાની મુલાકાત લીધા વિના બેંકિંગ સુવિધા મેળવવા સક્ષમ બનાવે છે. રાજ્ય કક્ષાના કેન્દ્રિય નાણાં પ્રધાન આદરણીય શ્રી જયંત સિંહાએ નવી દિલ્હીમાં આ સોલ્યુશન લોંચ કર્યું હતું.

'આઇડીબીઆઈ એક્સપ્રેસ' ગ્રાહકોને નાણાકીય વ્યવહાર કરવા, નાણાં ટ્રાન્સફર કરવા અને પેમેન્ટ સર્વિસીસનો ઉપયોગ કરવા માટે મદદ કરે છે. 'આઇડીબીઆઈ એક્સપ્રેસ' ગ્રાહકોને જન સુરક્ષા યોજનાઓ, આધાર, રુપે આધારિત વ્યવહારો, મુદ્રા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા સુવિધાઓ જેવી અન્ય ઘણી સેવાઓનો લાભ લેવા સક્ષમ બનાવે છે. આ સીમાચિહ્નરૂપ મૂળભૂત બેંકિંગ સુવિધાઓ તમામ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે અને નાણાકીય સર્વસમાવેશકતામાં તેના સતત પ્રયાસોને સુસંગત છે.

આ પ્રસંગે બોલતા રાજ્ય કક્ષાના કેન્દ્રિય નાણાં પ્રધાન આદરણીય શ્રી જયંત સિંહાએ કહ્યું હતું કે, "આઇડીબીઆઈ બેંકની આ નવીન પહેલ છેવડાના માનવીને બેંકિંગ સુવિધા સુલભ કરાવવા આપણા આદરણીય વડાપ્રધાન દ્વારા ભાર મૂકવામાં આવેલા નાણાકીય સર્વસમાવેશકતાના પ્રયાસોને અનુરૂપ છે. ટેકનોલોજીથી સંચાલિત આઇડીબીઆઈ એક્સપ્રેસ મારફતે આઇડીબીઆઈ બેંક છેવાડાના માનવી સુધી બેંકિંગ સુવિધા પહોંચાડવાનો આ જબરદસ્ત પ્રયાસ અતિ પ્રશંસનીય છે."

આ પ્રસંગે આઇડીબીઆઈ બેંકના એમડી અને સીઇઓ શ્રી કિશોર ખરાટે કહ્યું હતું કે, "આઇડીબીઆઈ બેંક બેંકિંગના વિવિધ પાસાંઓમાં પરિવર્તનના તબક્કામાં છે. આઇડીબીઆઈ બેંકની આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ અમારી કામગીરીનું વિસ્તરણ કરવાનો અને શ્રેષ્ઠ સેવાઓ, સુલભતા તથા અનુકૂળતા સાથે લોકો સુધી બેંકિંગ સેવા પહોંચાડવાનો પ્રયાસ છે. 'આઇડીબીઆઈ એક્સપ્રેસ' બેંકિંગના કામકાજના કલાકો ઉપરાંત ગ્રાહકો માટે બેંકની સુવિધા મેળવવા માટે સહાયક બનશે, જેના પગલે બેંકિંગ કામકાજની સરળતામાં વધારો થશે."



(ડાબેથી જમણે) – રાજ્ય કક્ષાના કેન્દ્રિય નાણાં પ્રધાન શ્રી જયંત સિંહા, આઇડીબીઆઈ બેંકના ડીએમડી શ્રી બે કે બત્રા, આઇડીબીઆઈ બેંકના એમડી અને સીઇઓ શ્રી કિશોર ખરાટ અને આઇડીબીઆઈ બેંકના ઇડી શ્રી એસ કે વી શ્રીનિવાસન.

પ્રિન્ટ, વાયર અને ઇલેક્ટ્રોનિક મીડિયાના તમામ પ્રતિનિધિઓ માટે.
